**આંક–૮**

**શ્રીમતી રઝિયા સલીમખાન પઠાણ, પ્રમુખ અધિકારી, ઔદ્યોગિક ન્યાય પંચ, અમદાવાદ સમક્ષ.**

**એપ્રુવલ અરજી નં. ૦૯/૨૦૨૬**
**ઈન**
**રેફરન્સ (આઇ.ટી.) નં. ૫૧/૨૦૨૩**

**અરજદાર :** ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમ,
ગોંડલ રોડ, રાજકોટ વિભાગ,
રાજકોટ.

**વિરૂધ્ધ,**

**સામાવાળા :** શ્રી વિજયભાઇ સામંતભાઇ રંગપરા,
મુ.સણોસરા, તા. ચોટીલા,
જી. સુરેન્દ્રનગર.
પીન– ૩૬૪૨૩૦
કાર્યસ્થળ: એસ.ટી ડેપો ધ્રાંગધ્રા
હોદ્દો:– ડ્રાઈવર, બેજ નં. ૩૯

**હાજર રહયા:–**

અરજદાર તરફે : વિધ્વાન વકીલશ્રી એચ.સી.નાયડુ.
સામાવાળા તરફે : યુનિયન પ્રતિનિધિશ્રી આર.એ. મલેક.

**બાબત:–**ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ–૩૩(૨)(બી) અન્વયેની અરજી.

**–: ચુકા દો :–**

**૧.** અરજદારે હાલની અરજી ઔદ્યોગિક વિવાદ ધારો, ૧૯૪૭ (કે જેને હવે પછીથી ટુંકમાં ''આઈ.ડી. એકટ'' તરીકે ઉલ્લેખેલ છે) ની

કલમ–૩૩ (૨)(બી) ની જોગવાઈ મુજબ સામાવાળા વિરૂધ્ધ દાખલ કરી સામાવાળાને નોકરીમાંથી બરતરફ કરવાના પગલાંને બહાલી આપવા અરજ ગુજારેલ છે.

**૨.** અરજદારની અરજીની ટુંકી હકીકત એવી છે કે, અરજદારની સંસ્થામાં સામાવાળા ડ્રાઈવર તરીકે એસ.ટી ડેપો ધાંગધ્રા ખાતે નોકરી કરે છે. અરજદારે સામાવાળાને તહોમતપત્ર નં.૮૩/૨૫ તા.૦૭/૦૫/૨૦૨૫ ના રોજનું આપેલ છે. ઉપરોકત તહોમતપત્રનો જવાબ આપેલ છે.તહોમતપત્ર અન્વયે સામાવાળાને બચાવની પુરેપુરી તક આપવામાં આવેલ અને ખાતાકીય તપાસ કરવામાં આવેલી અને જે ખાતાકીય તપાસ કાયદેસરની,સેવાકીય નિયમો અને કુદરતી ન્યાયના સિધ્ધાંતો અનુસારની હતી અને ત્યારબાદ તપાસ અધિકારીનો રીપોર્ટ આવતા સામાવાળા સામે સજા બાબતમાં તા.૩૦/૧૦/૨૦૨૫ ની કારણદર્શક નોટીસ આપવામાં આવેલ. તે બાબતમાં સામાવાળા તરફથી તા.૧૩/૧૧/૨૦૨૫ ના રોજ જવાબ આપવામાં આવેલ. જે ધ્યાને લઈ સામાવાળા સામે તા.૨૯/૦૧/૨૦૨૬ નો બરતરફનો હુકમ પસાર કરવામાં આવેલ. અરજદાર વધુમાં જણાવે છે કે સામાવાળા સામે કરવામાં આવેલ ઉપરોકત હુકમ ન્યાયી, વ્યાજબી અને કાયદેસરનો છે અને તે હુકમ તેઓની સામે કુદરતી ન્યાયના સિધ્ધાંત અનુસાર અને સેવાકીય નિયમો અનુસાર તપાસ બાદ કરવામાં આવેલ છે. ઉપરોકત કાર્યવાહીના તમામ કાગળો અરજી સાથે જુદા લીસ્ટથી સામેલ કરવામાં આવેલ છે.

વધુમાં જણાવેલ છે કે, ઔધોગિક ન્યાયપંચ સમક્ષ રેફરન્સ (આઈ.ટી.) નં. ૫૧/૨૦૨૩ સુનાવણી માટે પડતર છે અને સામાવાળા તે કાર્યવાહીમાં સંબંધિત કામદાર છે અને જેથી આ અરજી ઔધોગિક વિવાદ ધારાની કલમ ૩૩ (૨)(બી) અન્વયે સંમતિ મેળવવા કરવાની જરુર પડેલ છે. વધુમાં જણાવેલ છે કે સામાવાળાને

બરતરફ કરાવાના હુકમ સમયે કલમ ૩૩(૨)(બી) અન્વયે એક માસના પગારની રકમ આપવામાં આવેલ છે.વધુમાં જણાવેલ છે કે સામાવાળા સામે ઉપર જણાવ્યા મુજબ અરજદારે લીધેલ છુટા/બરતરફ કરવાનું પગલું ન્યાયી, વ્યાજબી અને કાયદેસરનું હોય તે સંમતિ મેળવવા માટે પાત્ર છે.

વધુમાં જણાવેલ છે કે, સામાવાળા સામે કરવામાં આવેલ ખાતાકીય તપાસ કાયદેસરની અને કુદરતી ન્યાયના સિધ્ધાંતો અનુસારની છે.આમ છતા ન્યાયપંચ એવા તારણ ઉપર આવે કે તપાસ કાયદેસરની નથી અને/અથવા ક્ષતિપુર્વકની છે તો તેવા સંજોગોમાં અરજદારે સામાવાળાને આપવામાં આવેલ તહોમત અંગે ન્યાયપંચ સમક્ષ યોગ્ય પુરાવા લઈ તે પુરવાર કરવાની પરવાનગી આપવા વિનંતી કરેલ છે.

૩. સદર કામે સામાવાળાને ધોરણસરની સુનાવણી નોટીસ કરેલ. ત્યારબાદ સામાવાળા તરફે યુનિયન પ્રતિનિધિશ્રી આર.એ. મલેક ધ્વારા અધિકાર પત્ર આપેલ છે. જેને આંક–૫ આપવામાં આવેલ છે. તેમજ આંક–૬ થી બન્ને પક્ષકારો તરફે કલોઝીંગ પુરસીસ આપેલ અને આંક–૭ થી સામાવાળા પુરસીસ રજુ કરીને તેઓને અરજદાર સંસ્થામાં પડેલા દિવસોના પુરા પગાર સહીત તમામ આનુસંગિક લાભો સહીત મુળ જગ્યાએ પુન:સ્થાપિત થવાની કાર્યવાહી કરવાના તેમના હકકને બાધ ન આવે તે રીતે અરજદાર સંસ્થાની એપ્રુવલ અરજી મંજુર કરવામાં આવે તો તેઓને કોઈ વાંધો કે વિરોધ ન હોવાનું જાહેર કરેલ છે.

૪. બન્ને પક્ષકારોના વિધ્વાન વકીલશ્રી તથા યુનિયન પ્રતિનિધિશ્રી ને સાંભળ્યા. અરજદારનાં વકીલશ્રીએ અરજદારે આઈ.ડી.એકટની કલમ–૩૩(૨)(બી) ની જોગવાઈઓનું પાલન કરેલ હોય સામાવાળાને નોકરીમાંથી બરતરફ કરવાના પગલાંને બહાલી આપવા માટે અરજ ગુજારેલ.

**૫.** અરજદાર સંસ્થા તરફે આંક–૨ ના દસ્તાવેજી પુરાવા લીસ્ટથી આંક–૨/૧ થી આંક–૨/૧૪ સુધીના સામાવાળા વિરુધ્ધ હાથ ધરેલ ખાતાકીય તપાસના દસ્તાવેજો રજુ કરેલ છે. સામાવાળાને નોકરીમાંથી તા. ૨૯/૦૧/૨૦૨૬ ના રોજ બરતરફ કરવાનો હુકમ આંક–૨/૧૨ થી રજુ છે.

અરજદાર તરફે આંક–૨ ના રજુ લીસ્ટના આંક–૨/૧ થી લાઈન ચેકિંગ શાખા,એસ.ટી. રાજકોટના રીપોર્ટ નં. ૬૦૯ તા.૩૧/૧૨/૨૪ અને તેની સાથે રજુ થયેલ દસ્તાવેજો, આંક–૨/૨ તહોમતપત્ર નં.૮૩/૨૦૨૫, આંક–૨/૩ થી તહોમત પત્રનો જવાબ, આંક–૨/૪ થી તપાસ અધિકારીની નિમણુંક રજુ થયેલ છે. આંક–૨/૫ થી રૂબરૂ સુનવણીની કાર્યવાહી, આંક–૨/૬ થી રૂબરૂ સુનાવણી અંગે તપાસ અધિકારીનું તારણ, આંક–૨/૭ થી રૂબરૂ સુનાવણી અંગે યોગ્ય સતાધિકારીનું પ્રાથમિક તારણ, આંક–૨/૮ થી કારણદર્શક નોટીસ, આંક–૨/૯ થી કારણદર્શક નોટીસનો જવાબ, આંક–૨/૧૦ થી યોગ્ય સતાધિકારીનું આખરી તારણ, આંક–૨/૧૧ થી ડીફોલ્ટ કાર્ડ, આંક–૨/૧૨ થી હુકમ, આંક–૨/૧૩ થી સ્પીડ પોસ્ટની નકલ, આંક– ૨/૧૪ થી નોટીસ પગારનો ચેક તથા રીસીપ્ટની નકલ રજુ થયેલ છે.

**૬.** રેફરન્સ (આઈટી) નંબર : ૫૧/૨૦૨૩ ઔદ્યોગિક ન્યાય પંચ સમક્ષ પેન્ડીંગ હોય અને સામાવાળા તેમાં સંબંધકર્તા કર્મચારી હોવાથી બહાલી મેળવવા માટે અરજદારે આ અરજી કરેલ છે.

**૭.** સામાવાળાને તા. ૨૯/૦૧/૨૦૨૬ થી નોકરીમાંથી બરતરફ કરેલ છે. આંક–૧ ની અરજીમાં સામાવાળાને નોકરીમાંથી બરતરફ કરતાં સમયે આઈ.ડી. એકટની કલમ–૩૩(૨)(બી) મુજબ એક માસનો નોટીસ પગાર ચુકવી આપેલ હોવાનું જણાવેલ છે તેમજ તેના પુરાવા રજુ કરેલ છે. અરજદારે હાલની અરજી તા. ૨૯/૦૧/૨૦૨૬ નાં રોજ અત્રેની

અદાલતમાં દાખલ કરેલ છે. સામાવાળાએ આંક–૭ થી સામાવાળા પુરસીસ રજુ કરીને તેઓને અરજદાર સંસ્થામાં પડેલા દિવસોના પુરા પગાર સહીત તમામ આનુસંગિક લાભો સહીત મુળ જગ્યાએ પુન:સ્થાપિત થવાની કાર્યવાહી કરવાના તેમના હકકને બાધ ન આવે તે રીતે અરજદાર સંસ્થાની એપ્રુવલ અરજી મંજુર કરવામાં આવે તો તેઓને કોઈ વાંધો કે વિરોધ ન હોવાનું જાહેર કરેલ છે.

આમ અરજદારે આઈ.ડી.એકટની કલમ–૩૩ (૨) (બી) ની જોગવાઈઓનું પાલન કરેલ હોય અરજદારની હાલની અરજી મંજુર કરવાનું ન્યાયી જણાય છે. અરજદારને સામાવાળાને તા. ૨૯/૦૧/૨૦૨૬ ના રોજ નોકરીમાંથી બરતરફ કરવાના પગલાંને બહાલી આપવામાં આવે છે. સદર કામે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>–:: હુ ક મ ::–</u>**

(૧) અરજદારની એપ્રુવલ અરજી નં. ૦૯/૨૦૨૬ મંજુર કરવામાં આવે છે.

(૨) સામાવાળા શ્રમયોગીના નોકરીમાં પુન:સ્થાપિત થવાના વિવાદ ઉપસ્થિત કરવાના હકકોને બાધ આવ્યા સિવાય અરજદારના સામાવાળા શ્રમયોગીને નોકરીમાંથી બરતરફ કરવાના પગલાંને બહાલી આપવામાં આવે છે.

(૩) ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

સદર હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

અમદાવાદ.
તા.૨૫–૦૩–૨૦૨૬

**(રઝિયા સલીમખાન પઠાણ)**
પ્રમુખ અધિકારી,
ઔદ્યોગિક ન્યાય પંચ, અમદાવાદ.
કોડ નં.જીજે૦૦૭૭૧

એસ.જી.રામાણી, પી.એસ.